**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY

## Winter Examination-2018

**Subject Name : Accounting and Finance – V**

**Subject Code :4CO05AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester : 5** **Date : 11/12/2018** **Time : 10:30 To 01:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** જામીનગીરી વેચતા દલાલી સામાન્ય રીતે નીચેની કિંમત પર ગણાય છે. 1

A) દાર્શનિક કિંમત પર C) દાર્શનિક કિંમત અને વેચાણકિંમત ની સરેરાશ પર

B) સોદા કિંમત પર D) ચોપડે કિંમત

**b)** રોકાણના હિસાબો - 1

A) ફક્ત દલાલો જ રાખે છે. C) રોકાણકાર કોઈપણ વ્યક્તિ રાખે છે.

B) ફક્ત કંપનીઓ રાખે છે. D) શેર બજાર સત્તાવાળાઓ રાખે છે.

**c)** વ્યાજ સહિત કિંમત વ્યાજરહિત કિંમત કરતા ............ હોય છે. 1

A) ઓછી C) ઓછી અથવા વધારે

B) વધારે D) ઉપરમાથી એકેય નહી

**d)** રોકાણની પડતરમા સમાવેશ થાય છે. 1

A) સ્ટેમ્પ ડ્યુટી C) બન્ને A અને B

B) દલાલી D) ઉપરમાંથી એકેય નહી

**e)** સમાન્ય રીતે કાયમી મિલકતોનો ઘસારો કઈ બાકી પર ગણાય છે ? 1

A) શરુઆતની બાકી C) ફક્ત વધારા પર

B) આખરની બાકી D) વેચેલ મિલ્કતની ઉપર વ્યાજ

**f)** મૂડી ઉપર વ્યાજ ગણવા માટે નીચેના પૈકી કઈ મૂડી પર વ્યાજ ગણાય છે ? 1

A) શરુઆતની બાકી C) આખર સ્ટૉક

B) આખરની મૂડી D) શરુઆતનો સ્ટૉક

**g)** ઉધાર વેચાણ શોધવા ક્યું ખાતુ તૈયાર કરવામા આવે છે ? 1

A) દેવાદારોનુ ખાતું C) લેણદારનું ખાતું

B) નફા-નુકસાન ખા’તુ D) આવક-જાવક ખાતું

**h)** આખર સ્ટૉક કે ઉધાર ખરીદી કે ઉધાર વેચાણ શોધવા ક્યું ખાતું બનાવાય છે ? 1

A) માલ-સ્ટોક કે વેચાણ ખાતું C) લેણી હૂંડી ખાતું

B) નફા નુકસાન ખાતું D) દેવી હૂંડી ખાતું

**i)** નીચેના પૈકી ક્યા ધંધાને " સેવા પડતર પદ્ધતિ" લાગુ પડતી નથી ? 1

A) વાહન વ્યવહાર કંપની C) ઓઈલ રીફાઈનરી

B) હોટેલ D) હોસ્પિટલ

**j)** હોસ્પિટલ સેવા પડતરનું એકમ- 1

A) પથારી દિવસ B) રૂમ દિવસ C) પેસેન્જર દિવસ D) દર્દી દિવસ

**k)** નીચેનામાથી કઈ બાબતનો સમાવેશ સેવા પડતરમાં થશે નહી 1

A) હોસ્પિટલ C) થિયેટર

B) હોટેલ D) પ્રકાશન સેવા

**l)** ફેરબદલી કિંમત પર 25% નફો ચઢાવીને માલ બીજી પ્રક્રિયામા મોકલવો એટલે- 1

A) પડતર પર 20% C) પડતર પર 33 & 1/3%

B) પડતર પર 25% D) પડતર પર 40 %

**m)** જો ફેરબદલી કિંમત પર રૂ. 2,00,000 હોય અને આંતરક્રિયા નફો પડતર પર 25% ગણ્યો હોય તો નફાની રકમ કેટલી ? 1

A) રૂ. 33,333 C) રૂ. 40,000

B) રૂ. 66,667 D) રૂ. 50,000

**n)** જ્યારે પડત્તર કરતા ફેરબદલી કિંમત પર બમણી હોય ત્યારે નફાની ટકાવારી - 1

A) પડાતરના 50% C) પડતરના 100%

B) ફેરબદલી કિંમતના 100% D) આમાથી એકપણ નહી

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **(14)**

સિમ્પલ ફાઈનાન્સ લિ..પાસે તા: 1-7-2017 ના રોજ રૂ. 2,00,000 ની દાર્શનિક કિંમતના 12% ના ડિબેંચરો હતા. જેની ચોપડે કિંમત રૂ. 2,20,000 હતી. વ્યાજ 30 મી જૂન અને 31મી ડિસેમ્બરના રોજ મૂકવાય છે.

તારીખ 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન વ્યવહારો.

| **તારીખ** | **દર્શનિક કિંમત રૂ.** | **ભાવ રૂ.** | **રિમાર્ક** |
|---|---|---|---|
| 1-8-2017 | 50,000 | 90 | વ્યાજ સહિત ખરીદી |
| 1-9-2017 | 80,000 | 110 | વ્યાજ સહિત વેચાણ |
| 1-2-2018 | 30,000 | 90 | વ્યાજ બાદ ખરીદી |
| 1-3-2018 | 20,000 | 110 | વ્યાજ બાદ વેચાણ |

છેવટનો સ્ટોક ફિફો પદ્ધતિએ ગણો. તા: 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષનુ 12% ના ડિબેંચરોનુ ખાતુ બનાવો.

**Q-3** **Attempt all questions** **(10)**

**(A)** રોકાણોની હિસાબી માવજત (હિસાબી ધોરણ -13) પર ટૂંક નોંધ લખો. **07**

**(B)** એકનોંધી અને દ્વીનોંધી પદ્દતિનો તફાવત લખો. **07**

**Q-4**

શ્રી ધવલભાઈ શાહ પોતાના હિસાબો એકનોંધી પદ્ધતિ રાખે છે. નીચેની વિગતો પરથી 31 **14**

મી માર્ચ, 2018 ના રોજ પૂરા થતા વર્ષ માટેનુ તેમનુ નફાનુકસાન ખાતુ અને તે તારીખનું પાકુ સરવૈયુ તૈયાર કરો.

**1) તા: 1-4-2017 ના રોજની તેમની બાકીઓ નીચે મુજબ હતી.**

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| લેણદારો | 5, 500 | ફર્નિચર | 900 |
| દેવાદારો | 7, 000 | સ્ટોક | 4, 500 |
| લેણી હૂંડી | 1, 700 | રોકડ સિલક | 1, 200 |
| દેવી હૂંડી | 800 | | |

**2) વર્ષ દરમિયાનના તેમના વ્યવહારો નીચે મુજબ હતા.**

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| દેવી હૂંડીના ચૂકવ્યા | 3, 000 | લેણી હૂંડીના રોકડા મળ્યા | 3,000 |
| દેવાદારો પાસેથી મળ્યા | 36, 000 | લેણદારોને | 24,000 |
| વટાવ આપ્યો | 1, 500 | વટાવ મળ્યો | 600 |
| પરચૂરણ ખર્ચ | 8, 800 | ઘાલ ખાદ્ય | 500 |
| ફર્નિચરની ખરીદી (તા : 1-10-17) | 600 | ખરીદ પરત્ત | 400 |
| વેચાણ પરત | 800 | | |
| ઉપાડ | 2000 | | |

**3) તા: 31-3-2018 ના રોજની તેમની બાકીઓ નીચે પ્રમાણે હતી.**

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| દેવાદારો | 9, 000 | દેવી હૂંડી | 2, 900 |
| લેણદારો | 3, 600 | રોકડ સિલક | 1, 800 |
| લેણી હૂંડી | 1, 400 | આખર સ્ટોક | 6, 000 |

**4) હવાલા :**

1) મૂડી પર વાર્ષિક 10% લેખે વ્યાજ ગણો.
2) દેવાદારો પર ઘાલખાધ અનામત 5% રાખો.
3) ફર્નિચર પર વાર્ષિક 10% લેખે ઘાસારો ગણો.

**Q-5 Attempt all questions (14)**

**(A)** વિવિધ સેવાઓ સમજાવો. **07**

**(B)** એક હોટેલની નીચેની માહિતી પરથી તેના રૂમ – દિવારોની ગણતરી કરો. તથા દરેક રૂમનુ દિવસદીઠ ભાડું ગણો. **07**

| | |
|---|---|
| રૂમની સંખ્યા | 150 |
| રોકાણની ટકાવારી | 80% |
| મહિનાના દિવસો | 30 |
| વર્ષના કામકાજના મહિના | 12 |
| વર્ષનો કુલ ખર્ચ | રૂ. 86,40,000 |

નફાનો ગાળો વકરા પર 50%

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** ડૉ.શ્યામ રાજકોટમા "હેલીક્સ હોસ્પિટલ" ચલાવે છે. તેમણે વાર્ષિક રૂ. 3,00,000 ના ભાડાથી હોસ્પિટલ રાખી છે. હોસ્પિટલમા 30 પથારીની અને પ્રસંગોપાત વધારાની 5 પથારીની સગવડ છે, મકાનનો નિભાવ અને મરામત ખર્ચ તેમણે ભોગવવાનો છે. 10

- **હોસ્પિટલના કાયમી સ્ટાફના ખર્ચા નીચે મુજબ છે.**

**રૂ.**

2 સુપરવાઈઝર – દરેકનો માસિક પગાર 5000

4 નર્સો –દરેકનો માસિક પગાર 6000

2 વોર્ડ બોય – દરેકનો માસિક પગાર 4000

2 ડૉક્ટર – દરેકનો માસિક પગાર 15000

હોસ્પિટલ સારવાર માટે 365 દિવસ ખુલ્લી રહે છે. તા: 31-3-2008 ના રોજ પૂરા થતા હિસાબી વર્ષ દરમિયાન દર્દીની પથારીનો વપરાશ નીચે મુજબ હતો.

| દર્દીની પથારી | 15 | 20 | 25 | 30 | 35 |
|---|---|---|---|---|---|
| દિવસો | 40 | 80 | 100 | 45 | 100 |

- **અન્ય ખર્ચ નીચે મુજબ છે.**

1) નિભાવ અને મરામત ખર્ચ 40, 000
2) દર્દીઓને ખોરાક ભોજન ખર્ચ 40, 000
3) દર્દીઓને સેવા અંગે ખર્ચ 30, 000
4) ધોલાઈ અંગેનો ખર્ચ 35, 000
5) દવા અંગેનો ખર્ચ 24, 000
6) એક્સ-રે અને ઑક્સિજન ખર્ચ 16, 000
7) સામન્ય વહીવટ ખર્ચ 50, 000
8) વિઝીટીંગ ડોક્ટરની ફી 1,30,000

પડતર પર 20% નફો મળે તે માટે દર્દીની પથારી દિવસદીઠ ભાડું નક્કી કરવાનુ છે. સેવા પડતર પત્રક તૈયાર કરો.

**(B)** સમજાવો: આંતર પ્રક્રિયા નફો **04**

**Q-7** **Attempt all questions** **(14)**

**(A)** 'અ' વસ્તુ તૈયાર કરતા પહેલા ત્રણ પ્રક્રિયામાથી પસાર થાય છે. સીતા લિ. ના ચોપડામાથી 31-3-18 સુધીની નીચેની માહિતી મળે છે. **10**

| વિગત | | પ્રક્રિયા -1 | પ્રક્રિયા-2 | તૈયાર માલ સ્ટૉક |
|---|---|---|---|---|
| વપરાયેલ માલ સામાન | 40,000 | 60,000 | | - |
| મજુરી | | 60,000 | 40,000 | - |
| આખર સ્ટોક | 20,000 | 40,000 | 40,000 | 40, 000 |

દરેક પ્રક્રિયાની પડતરને બીજી પ્રક્રિયા ખાતે 20% નફો ફેરબદલી કિંમત પર ચઢાવીને બદલવામા આવે છે. બીજી પ્રક્રિયાની પડતર પણ તૈયાર માલના સ્ટૉક ખાતે તે જ કિંમતે લઈ જવાય છે. દરેક પ્રક્રિયાનો સ્ટૉક પ્રાથમિક પડતરના ધોરણે આંકવામા આવે છે. તૈયાર માલનો સ્ટોક રૂ. 3,60,000 મા વેચવામા આવ્યો હતો.

(1) દરેક પ્રક્રિયાના ખાતા અને (2) તૈયાર માલના સ્ટૉકનુ ખાતુ તૈયાર કરો.

**(B)** સ્ટૉકમા નહી મળેલ નફો પર ટૂંક નોંધ લખો. **04**

**Q-8 Attempt all questions (14)**

**(A)** વ્યાજ રહિત વ્યવહારો ઉદાહરણ આપી સમજાવો. **07**

**(B)** હોસ્પિટલની પડતર ગણવાનું નમુનાનું પડતર પત્રક કાલ્પનિક આંકડાઓ આપી સમજાવો. **07**